# આગામી દિવસમાં રાજ્યમાં ગરમી વધવાની સંભાવના

## રાજ્યમાં ઉત્તર-પશ્ચિમના પવનો ફૂંકાતા આગામી દિવસોમાં બે ડિગ્રી તાપમાનમાં વધારો થઈ શકે છે

અમદાવાદ, તા.૨૫

રાજ્યમાં હજુ પણ વહેલી સવાર તથા રાતના સમયે વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે, પરંતુ બપોર થતા જ ગરમી આકરી થઈ રહી છે. રાજ્યમાં આગામી સમયમાં ગરમી નજીકના સમયમાં વધારે આકરી બનવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. ફેબ્રુઆરીના અંત બાદ ગરમી વધારે આકરી થવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. આ અંગે હવામાન વિભાગ દ્વારા પણ આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે ગરમી આકરી પડવાની આગાહી કરી છે. ઉત્તર-પશ્ચિમના પવનો ફૂંકાતા આગામી દિવસોમાં બે ડિગ્રી તાપમાનમાં વધારો થઈ શકે છે. જોકે, આગામી ૪ દિવસ હવામાન સૂકું રહેવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. નોંધનીય છે કે, અંબાલાલ પટેલે માર્ચમાં માવઠાની સંભાવના વ્યક્ત કરી હતી.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક વિજીનલાલે જણાવ્યું કે, પાંચ દિવસ દરમિયાન હવામાન સૂકું રહેશે. આગામી અઠવાડિયાથી હવામાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના વિજીનલાલ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, ઉત્તર ગુજરાતમાં આકરી ગરમી વહેલી શરુ થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. સામાન્ય રીતે રાજ્યમાં હોળી પછી તાપમાનનો પારો ઊંચો જતો હોય છે, પરંતુ આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ગુલાબી ઠંડી પડ્યા પછી ઉનાળાનો અહેસાસ શરુ થઈ ગયો છે. ઓફિસો તથા ઘરોમાં ઠંડીથી બચવા માટે એસી પણ શરુ કરી દેવામાં આવ્યા છે. બે દિવસ પછી ગરમીનું જોર વધવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. અગાઉ મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીએ પહોંચી ગયો હતો તે ઘટીને ૩૬ ડિગ્રીએ પહોંચ્યો છે. શુક્રવારે સૌથી વધુ મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી અમરેલીમાં નોંધાયું હતું. આ સિવાય અમદાવાદ, ભૂજ, સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું છે.

# જિલ્લામાં ધીમી ગતિએ ઉનાળુ વાવેતર આરંભાયુ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ ઋતુના વાવેતરનો ધીમી ગતિએ આરંભ થયો છે. જિલ્લામાં ઉનાળુ વાવેતર આમેય ઓછુ થતુ હોય છે.

જિલ્લામાં આજ સુધીમાં ૬૯૬૬ હેક્ટરમાં વાવેતર થયુ છે. જે જિલ્લામાં થતાં ઉનાળુ વાવેતરના સરેરાશ ૩૦ ટકા જેટલુ થવા જાય છે.

જિલ્લામાં ઉનાળુ બાજરીનું વાવેતર ૨૬૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં નોંધાયુ છે. ઉનાળુ મગફળીનું વાવેતર ધીમી ગતિએ શરૂ થયુ છે. જો કે જિલ્લામાં આ વખતે ઉનાળુ મગફળીનું વાવેતર ઘટે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. જિલ્લાના માણસા-ગાંધીનગર તાલુકામાં વરસાદની ઘટ અને જિલ્લામાં જે રીતે પાણીના સ્તર નીચે ગયા હોવાથી આ પાકનો વાવેતર વિસ્તાર ઘટી શકે છે તેવી સંભાવનાઓ જોવા મળી રહી છે.

જિલ્લામાં શાકભાજીના પાકોનું વાવેતર ૧૩૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં નોંધાયુ છે. જો કે જિલ્લામાં મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર જોવા મળી રહ્યુ છે. જિલ્લામાં ઘાસચારાના પાકનું વાવેતર ૨૯૫૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં થયુ છે.

શાકભાજીના પાકોનું વાવેતર દહેગામ, ગાંધીનગર અને માણસામાં નોંધાયુ છે. જ્યારે ઉનાળુ બાજરીનું સૌથી વધુ વાવેતર દહેગામમાં અને સૌથી ઓછુ માણસા તાલુકામાં નોંધાયુ છે.

ઉનાળુ વાવેતર હજુ ધીમી ગતિએ નોંધાયુ છે. જિલ્લામાં સામાન્યતઃ ૩૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં ઉનાળુ વાવેતર થતુ હોય છે.



સેક્ટર-૬ ના શોપીંગ સેન્ટરમાં દર ચોમાસે વરસાદી પાણીથી કાદવ-કિચડ થતુ હોવાથી મહાનગરપાલિકા દ્વારા સિમેન્ટના બ્લોક્સ નાંખવાની કામગીરી કરવામાં આવી રહી છે. અહીંના દુકાનદારો અને વસાહતીઓએ મેયરનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દેશી ગોળ પર GSTનો દર ઘટાડી ૫ ટકા કરવામાં આવ્યો

ગીર,તા.૨૫

ગીરના દેશી ગોળ પર જીએસટીનો બોજ ઘટાડવામાં આવ્યો છે. બોજ ઘટવાથી હવે નાના પેકિંગની માંગ વધશે અને લોકો ગીરનો શુદ્ધ ગોળ આરોગી શકશે. તાજેતરમાં મળેલ GSTની ૪૯મી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી ૧૮ ટકાના બદલે ૫ ટકા જ GST વસુલવામાં આવશે. GSTમાં રાહત મળતા ગોળ ઉત્પાદકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. આ સાથે સાથે ખેડૂતોને પણ પૂરતા ભાવ મળી રહ્યા છે.

ગીર સોમનાથ જીલ્લો કે જ્યાં ૨૫૦ જેટલા ગીરના દેશી ગોળના રાબડા ધમધમે છે.

સમગ્ર ગુજરાત સહિત દેશભરમાં ગીરના ગોળની માંગ જોવા મળે છે. કારણ કે ગીરનો ગોળ કેમિકલ યુક્ત હોય છે. ત્યારે બે દિવસ પહેલા જી.એસ.ટી કાઉન્સિલની ૪૯મી બેઠક કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં દેશી ગોળ ઉપર વસુલાતા પ્રવર્તમાન GST દરમાં મોટી રાહત આપવા નિર્ણય લેવાયો છે. અને દેશમાં સૌરાષ્ટ્રના સોમનાથ જિલ્લો દેશી ગોળનું હબ રહ્યો છે.

# 'ગ્લોબલ ઈન્ડિયન ડાયસ્પોરા' વિષયે ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ખાતેની સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના સેન્ટર ફોર ડાયસ્પોરા સ્ટડીઝ દ્વારા 'ગ્લોબલ ઈન્ડિયન ડાયસ્પોરા' થીમ પર તા.૨૩થી ૨૫ ફેબ્રુઆરી દરમ્યાન ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સની મુખ્ય થીમ સાહિત્ય, સંસ્કૃતિ અને સામાજિક-આર્થિક પરિપ્રેક્ષ્ય અને ૨૧મી સદીમાં ભારત માટે તેનું મહત્વ હતું. આ સાથે આ મુખ્ય થીમ હેઠળ યુનિક પેટા થીમ્સ પણ સામેલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું ત્યારથી તેની સફળતા સુધી, આ કાર્યક્રમમાં શરૂઆતથી જ સંકળાયેલી અન્ય ૨૩ સંસ્થાઓનો સહકાર પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૦૦ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૨૫૦ જેટલા બુદ્ધિજીવીઓ અને આચાર્યો દ્વારા સહકાર આપવામાં આવી રહ્યો છે અને દરેકના જ્ઞાનમાં વધારો થશે.



આ સાથે, દરેક સત્રમાં કુલ છસોથી વધુ સંશોધન પત્રો દ્વારા, સહયોગી આચાર્યો, સંશોધન વિદ્વાનો અને મહાનુભાવો પણ ભાગ લઈ રહ્યા છે.

આ કોન્ફરન્સના સંયોજક અને કન્વીનર સેન્ટર ફોર ડાયસ્પોરા સ્ટડીઝ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. સજ્જાઉદ્દીન નિઝામુદીન છપ્પરબન હતા. કોક્લેવની શરૂઆત યુનિવર્સિટીના કુલ ગીત સાથે થઈ હતી અને ત્યારબાદ સેન્ટર ફોર ડાયસ્પોરા સ્ટડીઝના અધ્યક્ષ પ્રોફેસર રાજેશ મકવાણાએ પ્રાસ્તાવિક પ્રવચન આપ્યું હતું, આ પછી કુલપતિ અને મહેમાનોએ માતા સરસ્વતીના ચરણોમાં પુષ્પો અર્પણ કર્યા હતા.

ભારતીય પરંપરા મુજબ દીપ પ્રગટાવીને આ કાર્યક્રમનું ઉદઘાટન કર્યું. આ કાર્યક્રમને આગળ ધપાવીતા , ડૉ. સજ્જાઉદ્દીન અને ડૉ. નેહા સિંઘ દ્વારા સંપાદિત પુસ્તક જર્મનીના પાલગ્રેવ મેકમિલનથી પ્રકાશિત 'ગીરમિટિયાનું સાહિત્ય'નું અનાવરણ કરવામાં આવ્યું હતું. અધ્યક્ષીય પ્રવચન સ્વરૂપે ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર રમાશંકર દુબેએ ડાયસ્પોરા અને તેના વર્તમાન સ્વરૂપનું ટૂંકું વર્ણન કર્યું હતું અને કાર્યક્રમના સફળ સંચાલન માટે આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પધે પ્રોફેસર એસ. રાજન, પ્રોફેસર વિલિયમ માઈલ્સ અને પ્રોફેસર નિધિ ખોસલાજીએ પોતાનો અમૂલ્ય સમય આપીને કોન્ફરન્સની ભાગ લીધો હતો .

આ કાર્યક્રમનું મહત્વ એટલા માટે પણ વધી ગયું છે કારણ કે તે ભારતના પંદર રાજ્યોમાં ત્રેવીસ યુનિવર્સિટીના સહયોગથી આયોજિત થઈ રહ્યો છે. ભારતના શૈક્ષણિક જગત કે ઈતિહાસમાં પ્રથમવાર આવો અલૌકિક કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

# અમરેલી જિલ્લામાં ભૂકંપના ૬ આંચકા

## ૨૪ કલાકમાં ૬ જેટલા ભૂકંપના આંચકા આવતા લગ્રામજનોમાં ડરનો માહોલ

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં ભૂકંપના આંચકાએ લોકોના જીવ અધ્ધર કર્યા છે. ૨૪ કલાકમાં અહીં ૬ આંચકા આવતા ધરા ધ્રૂજી ઉઠી છે અને લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ભૂકંપના આંચકા અનુભવાતા ખાંભાના ભાડ ગામમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપની તિવ્રતા ઓછી નોંધાઈ છે આમ છતાં વારંવાર આવતા આંચકાના કારણે લોકોમાં ડર પેસી ગયો છે. ગ્રામજનોએ જણાવ્યું કે ભૂકંપના કારણે તેમની રાતની ઊંઘ ઉડી ગઈ છે, લોકો ડરના કારણે રાત્રે ઘરની બહાર સૂઈ જવા માટે મજબૂર બન્યા છે.

અમરેલીના ખાંભામાં અનુભવાયેલા ભૂકંપની રિક્ટર સ્કેલ પર તિવ્રતા ૩.૨ નોંધાઈ છે. જ્યારે ભૂકંપનું કેન્દ્ર બિન્દુ નાના ધારી ઈંગોરાળા વિસ્તારમાં નોંધાઈ છે. કચ્છ સહિત સૌરાષ્ટ્રના ગામોમાં વારંવાર ભૂકંપના આંચકા લોકોને ડરાવી રહ્યા છે. ગીરના જંગલના ગામડામાં સતત વધી રહેલા ભૂકંપના આંચકા લોકોને આશ્ચર્યમાં મૂકી રહ્યા છે.

અમરેલીમાં અવારનવાર ભૂકંપના આંચકા આવી રહ્યા છે પરંતુ બે દિવસથી આ સંખ્યામાં વધારો થયો છે. ભૂકંપના આંચકા વધવાની સાથે તેની તિવ્રતામાં પણ વધારો થઈ રહ્યો છે જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ખાંભા તાલુકાના ભાડ, વાકિયા, ઈંગોરાળા, નાની ધારી સહિતના ગામોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. ૨૪ કલાકમાં આવેલા ૬ જેટલા આંચકાની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૨થી ૩.૪ સુધીની નોંધાઈ છે.

અહીં ભૂકંપ આવે તો ઘરમાં મૂકેલા વાસણો ખખડવા લાગે છે, જમીન ધ્રૂજવા લાગે છે અને લોકો ઘરની બહાર દોડી આવે છે. ભૂકંપના ડરના કારણે રાત્રે ઊંઘ પણ ના આવતી હોવાનું સ્થાનિક જણાવી રહ્યા છે. અહીં સતત ભારે કે હળવા આંચકા ચાલુ છે. ગ્રામજને જણાવ્યું કે પહેલા આવું નહોતું થતું પરંતુ ૨-૩ દિવસથી સતત ભૂકંપના આંચકા ડરાવી રહ્યા છે.

ભૂકંપના આંચકાના ડરના કારણે લોકો રાત્રે ઘરની બહાર સૂઈ જાય છે. હવે શું થશે તેવો લોકોને ડર સતાવી રહ્યો હોવાનું સ્થાનિક રહેવાસીએ જણાવ્યું હતું. મીતિયાળા ગામમાં સતત ભૂકંપના આંચકા આવતા હતા અને તેવી સ્થિતિ હવે ભાડ ગામમાં પણ સર્જાતા લોકોના જીવ અધ્ધર થઈ રહ્યા છે.

# ભરૂચનું દહેગામ બુલેટ ટ્રેન, DFC ગુડ્ઝ ટ્રેકનું જંકશન બનશે

## દહેગામમાં જંકશન ટર્મિનલ બનશે : ૮૦૦ કરોડના ખર્ચે બનનાર ૪૫ કિલોમીટર લાંબો આ ૮ લેન એક્સપ્રેસ વે દહેગામ થી ડાયરેક્ટ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે જોડે સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે

ભરૂચ,તા.૨૫

ભરૂચ-દહેજ માર્ગ ઉપર ૭૦ હજાર વાહનો અને ભવિષ્યમાં વધનારા શહેરી, ગ્રામ્ય તેમજ ઔદ્યોગિક ટ્રાફિકના ભારણને લઈ દહેજને મેક્સિમ રોડ અને રેલ કનેક્ટિવિટી આપવા ઉપર કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર ભાર મૂકી રહી છે.

દેશના અન્ય મહત્વના બંદરોની જેમ દહેજને કેન્દ્ર સરકારે ત્રીજા ગુડ્ઝ ટ્રેન માટેના અલગ ટ્રેક ઢહ્લઝ દિલ્હી-મુંબઈ જોડે સાંકડી લીધું છે.

બુલેટ ટ્રેનમાં પણ ભરૂચનું સ્ટેશન દહેગામ ખાતે બનાવી દહેજમાં દેશ અને દુનિયાના આવતા કોર્પોરેટ્સ માટેની ઝડપી મુસાફરીની વ્યવસ્થાને પ્રાધાન્ય આપ્યું છે.સાથે જ દિલ્હી-મુંબઈ ૮ લેન એક્સપ્રેસ વે પણ ભરૂચમાંથી આ જ રૂટ પરથી અન્ય બે પ્રોજેક્ટને સમાંતર પસાર થાય છે.

આ એક્સપ્રેસ વેનું ઈન્ટર ચેન્જ ભરૂચમાં દહેગામ ખાતે જ અપાયું છે. જેથી કરીને દિલ્હી-મુંબઈથી દહેજ પોર્ટ અને ઔદ્યોગિક વસાહતમાં આવતા ગુડ્ઝ વાહનો આ એક્પ્રેસ વેનો ઉપયોગ કરી ભરૂચ સિટીમાં પ્રવેશ્યા વગર સીધા જ દહેજ પહોંચી શકે.

આ લીંકને દહેગામથી દહેજ સુધી જોડી દેશે. ભરૂચ-દહેજ એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ વે જેની જાહેરાત શુક્રવારે રાજ્ય સરકારે તેના બજેટમાં કરી છે.રૂપિયા ૮૦૦ કરોડના ખર્ચે બનનાર ૪૫ કિલોમીટર લાંબો આ ૮ લેન એકસપ્રેસ વે દહેગામ થી ડાયરેકટ દિલ્હી-મુંબઈ એકસપ્રેસ વે જોડે સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે.

# રાજકોટમાં અઢી વર્ષના બાળકને શ્વાને બચકા ભર્યા

રાજકોટ, તા.૨૫

સુરત બાદ હવે રાજકોટ ગ્રામ્ય પંથકમાં પણ શ્વાનનો આતંક સામે આવ્યો છે. રાજકોટ જિલ્લાના સાપર વેરાવળ ખાતે શ્વાનનો આતંક સામે આવ્યો છે. સાપર વેરાવળ ખાતે આવેલા શીતળા માતાના મંદિર પાસે શુક્રવારની રાત્રે ૮:૩૦ કલાક આસપાસ અર્શદ મહમદ અંસારી નામના અઢી વર્ષના બાળકને શ્વાને બચકા ભર્યા હોવાનું સામે આવ્યું છે.

અર્શદ નામનો બાળક શીતળા માતાના મંદિર પાસે રમવા ગયો હતો. જે સમયે તેને શ્વાને આગળ અને પાછળના ભાગે બટકા ભર્યા હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલાની જાણ બાળકની માતાને થતા તાત્કાલિક અસરથી બાળકના માતા-પિતા દ્વારા સારવાર અર્થે તેને રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. સૌપ્રથમ તેને રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલી ઈમરજન્સી અને ત્યાર બાદ હાલ ઓપીડી બિલ્ડિંગના છઠ્ઠા માળે આવેલા વોર્ડમાં સારવાર આપવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, અર્શદ અને તેનો પરિવાર મૂળ લખનઉના વતની છે. બાળકના પિતા શાપર વેરાવળ ખાતે મજૂરી કામ કરી પોતાનું તેમજ પોતાના પરિવારજનોનું ગુજરાત ચલાવી રહ્યા છે.

# અમરાઈવાડીમાં રખડતા ઢોરે મહિલાને અડફેટે લીધી

અમદાવાદ,તા.૨૫

રાજ્યના વિવિધ શહેરમાં વધુ એક વાર રખડતા ઢોરનો આતંક સામે આવ્યો છે. મોટા ઉત્સાહ સાથે શરૂ થતી ઢોરનિયંત્રણ ઝુંબેશ કશા પરિણામ વગર શમી જાય છે અને પછી નવેસરથી શરૂ થાય છે, રખડતા ઢોરનો આતંક. આ સિલસિલો બંધ થવાનો નામ જ લેતો નથી. અમદાવાદના અમરાઈવાડીમાં રખડતા ઢોરે મહિલાને અડફેટે લીધા છે. અગાઉ પણ રખડતા ઢોરથી મહિલાનું મોત થયું હતું

અમદાવાદના અમરાઈવાડીમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત છે. રખડતા ઢોરે મહિલાને અડફેટે લીધી છે. થોડા દિવસ અગાઉ રખડતા ઢોરથી વૃદ્ધ મહિલાના મોત બાદ વધુ એક મહિલાને અડફેટે લીધી છે. સમગ્ર ઘટના ઝઝૂફમાં કેદ થઈ છે. અગાઉ વૃદ્ધ મહિલાનું પશુના કારણે મોત થયું હતું. ફરી મહિલાને અડફેટે લેતા અનેક સવાલો ઉઠી રહ્યાં છે. અમરાઈવાડી વિસ્તારમાં રખડતા ઢોરને અંકુશમાં રાખવા તંત્ર નિષ્ક્રિય હોય તેવું જણાઈ રહ્યું છે.

થોડા દિવસ અગાઉ મહેસાણાના કડીમાં રખડતા પશુનો આતંક સામે આવ્યો છે. રખડતા પશુએ ૮ વર્ષના બાળકને ૪થી ૫ વખત ફંગોળ્યો હતો.

## કફોડી હાલત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ક્વોલિટી સારી મળતી નથી અને જેના કારણે વેપારીઓ પણ ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં સરેરાશ ૭૦ ટકા પોખરાજ અને ૩૦ ટકા અન્ય એલઆર અને બાદશાહ બટાકાનું વાવેતર કરવામાં આવે છે. વેફર બનાવતી કંપનીઓએ અગાઉ સોદા કર્યા હોવાથી એલઆર અને લોકરના ભાવ મળી રહ્યા છે. જેમાં એલઆરનો ભાવ રૂા.૨૩૦ તો લોકરનો ભાવ રૂા.૧૭૦ મળી રહ્યો છે. પોખરાજના સોદા થતા ન હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. ક્વોલિટી સારી એવી ન મળતાં વેપારીઓ ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. આ મામલે વેપારીઓએ કહ્યું કે, ઉત્તર પ્રદેશ અને પંજાબનો બટાકો આપણા કરતાં કવોલિટીમાં સારો હોય છે. ઉત્તર પ્રદેશમાં કેપેસિટી કરતાં વધારે બટાકાનું ઉત્પાદન થયું છે જેના કારણે ભાવમાં ફટકો પડી રહ્યો છે.

## ઘટાડાના સંકેત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત બજારમાં બાટાટાના ભાવ મળી રહ્યા નથી.

જિલ્લામાં હવામાનમાં આવેલા પલ્ટાને પગલે રાયડાના પાકને પણ અસર થવા પામી છે.

રવિ સીઝનના અંતિમ ચરણમાં એકાએક પલ્ટાયેલા હવામાનને કારણે અન્ય પાકોના ઉત્પાદન પર અસર જોવા મળી રહી છે. જિલ્લામાં આ વખતે રવિ સીઝન સારી રહેશે. તેવી આશા પર પાણી ફરી વળતાં ખેડૂતોમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામેલ છે.

## દોરો ખેંચાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પીક પોકટીંગ કરીને છુમંતર થઈ જાય છે. બસમાં ચઢતી વેળાએ ભીડનો લાભ ઉઠાવી ચોર ગઠીયાઓ મહીલાઓને વિશેષ નિશાન બનાવે છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં અત્યાર સુધી અનેકવાર પીક પોકેટીંગ અને ચોરીના બનાવો બને છે. જયારે એસ ટી ડેપોના ક્રન્ટ્રોલર તેમજસ્ટાફના અન્ય સભ્યોની સમયસુચકતાથી ઘણીવાર જાણભેદુ ગઠીયાઓને રંગહાથ પકડી પણ લેવાયા છે. જયારે લગ્નસરાની સિઝન કે દિવાળી જેવા પર્વો ટાંણે ભીડનો લાભ ઉઠાવતી આ ટોળકી વધુ સક્રીય થઈ જાય છે. આ સ્થિતિને નિવારવા માટે ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ છેલ્લા દોઢ દાયકાથી થતી રજુઆતના અંતે પણ હજુ સુધી કોઈ પરિણામ મળ્યુ નથી. જયારે આ સ્થિતિ વચ્ચે બસમાં ચઢતી વેળાએ એક મહીલાના ગળામાંથી દોઢ તોલાનો સોનાનો દોરો કોઈ ગઠીયો ખેંચી ગયો હોવાનો બનાવ પણ બનવા પામ્યો છે. ચાર દિવસ અગાઉ ચાંદખેડામાં સુદર્શન નગરમાં રહેતા હીરાબેન સવજીભાઈ વાઘેલા ગાંધીનગર ડેપોમાં પ્લેટફોર્મ નં - ૭ વિજાપુર તરફ જવા માટે બસની વાટ જોતા હતા ત્યારે ધક્કા મુકકીમાં ભીડનો લાભ લઈ તેમના ગળામાંથી દોઢ તોલા વજનની મગમાળા ખેંચીને ગઠીયો પલાયન થઈ ગયો હતો. આ મામલે તેમણે સે- ૭ પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી છે. પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ડેપોમાં છેલ્લા એક દાયકાથી આવા જાણભેદુ ગઠીયાઓ મુસાફરોને લુંટતા રહ્યા છે. અલબત્ત મુસાફરોના મોબાઈલ, દાગીના અને પાકીટની ચોરી ડેપો સંકુલ માટે કોઈ નવી વાત નથી જેના લીધે બહારગામથી આવતા મુલાકાતીઓમાં પણ ભયની લાગણી વ્યાપી છે. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવવા માટે એસ ટી નિગમ દ્વારા ગેટ નં - ૨ પાસે જગ્યા ફાળવવા માટે પણ તૈયારી દર્શાવામાં આવી છે. પરંતુ જિલ્લા પોલીસ તંત્રએ રસ ન દાખવતા ડેપોમાં અવરજવર કરતા મુસાફરોની સલામતીનો મુદો રામભરોસે છે. પાટનગરના એસ ટી ડેપોની હાલત સલામતીના દ્રષ્ટિકોણથી છેવાડાના ગામ કરતા પણ ખરાબ છે.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને આનંદના ગરબાનો લાભ લીધો હતો.

# અમદાવાદમાં ૪૯.૫૮ લાખનાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે બે શખ્સની ધરપકડ

અમદાવાદ,તા.૨૫

અમદાવાદ શહેરમાં એમડી ડ્રગ્સનો કારોબાર કરીને યુવાઓને નશાની લતે ચઢાવનાર પેડલર્સને ક્રાઈમ બ્રાંચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમ વીણી વીણીને શોધીને જેલના હવાલે કરી રહી છે. યુવાઓ એમડી ડ્રગ્સના રવાડે ચઢીને તેમનું ભવિષ્ય બરબાદ ના કરે તે માટે પોલીસે ઓપરેશન પેડલર્સ શરૂ કર્યું છે. જે અંતર્ગત છેલ્લા એક મહિનામાં ૭૦ લાખથી વધુ એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો. ગઈ કાલે મોડી રાતે ક્રાઈમ બ્રાંચની ટીમે ૪૯.૫૮ લાખ રૂપિયાના એમડી ડ્રગ્સ સાથે બે પેડલર્સની એસપી રિંગ રોડ પરથી ધરપકડ કરી લીધી છે. યુપીથી એમડી ડ્રગ્સનો જથ્થો ટ્રેન મારફતે અમદાવાદમાં લાવ્યા હોવાનું સામે આવ્યું છે.

ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે રખિયાલમાં આવેલી ચુનીલાલની ચાલીમાં રહેતો આઝમખાન અલી અહેમદખાન પઠાણ પાસે એમડી ડ્રગ્સનો જથ્થો છે અને તે હાલ તેના મિત્ર સાથે અસલાલીથી હાથીજણ જવાના એસપી રિંગ રોડ પર ઊભો છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં બે શંકાસ્પદ યુવકો ઊભા હતા. ક્રાઈમ બ્રાંચે તેમને કોર્ડન કરીને નામ ઠામ પૂછ્યાં હતાં. જેમાં એકનું નામ આઝમખાન હતું અને બીજાનું નામ કૈફખાન પઠાણ હતું.

# રાજકોટના ૫ વેપારીઓ સાથે ૧૯ કરોડની છેતરપિંડી

## ઈમ્પોર્ટ-એક્સપોર્ટનું કામ કરતા દંપતીએ ફ્રોડ કર્યું

રાજકોટ,તા.૨૫

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ઈમ્પોર્ટ એકસપોર્ટનું કામ કરતાં ૫ વેપારી સાથે છેતરપિંડી આચરનાર આરોપીની ધરપકડ કરી છે. પોલીસના કહેવા મુજબ આરોપી દંપતીએ વધુ વળતરની લાલચ આપી ખાંડ અને ચોખાનો જથ્થો વિદેશમાં મોકલી આશરે ૧૯ કરોડની છેતરપીંડી કરી હતી. તેમજ માલના ઓર્ડરના રૂપિયા એડવાન્સમાં લઈ માલ નક્કી કરેલા સ્થળે નહીં પહોંચાડી ખોટી રિસીપ્ટ બનાવી હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર મામલે ત્રણ વેપારીઓએ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે. જેને લઈને પોલીસ દ્વારા આરોપી દંપતી પૈકી પતિને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

રેસકોર્ષ નજીક રહેતા અને ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઓફિસ ધરાવતાં રિકી મુકેશભાઈ પાબારી અને મોહસીન અલી અને રવિ બદીયાણીએ ક્રાઈમ બ્રાંચમાં કરેલી ફરિયાદમાં રાજકોટનાં આલાપ હેરીટેજમાં રહેતા જતીન હરેશભાઈ અઢીયા અને તેની પત્ની ફોરમ અઢીયા તથા તપાસમાં ખુલે તમામનું નામ આપાયું છે. એકસપોર્ટ ઈમ્પોર્ટનું કામ કરતાં રીકી તેમજ મોહસીન અલી અને રવિ બદીયાણી પાસે દંપતિએ વિદેશમાં મોકલવા માટેનો ઓર્ડર આપ્યો હતો. જેમાં રિકી પાબારી પાસે ૭૬૫ ટન ચોખા જેની કિંમત રૂા.૨.૬૬ કરોડ અને ૫૩૦ ટન ખાંડ કિંમત રૂા.૭૯.૧૮ લાખ છે. તે મળી કુલ ૩.૫૯ કરોડનો જથ્થો મંગાવી માલનો ઓર્ડર લઈ ઓર્ડરના રૂપિયા એડવાન્સ લીધા બાદ માલને નિયત સ્થળે પહોંચ્યો ન હતો તેમજ માલનું પેમેન્ટ કરેલ હોવાની ખોટી રિસિપ્ટ પણ બનાવી હતી. રિકી સાથે મોહસીન અલી અને રવિ બદીયાણીને પણ આ દંપતિએ છેતર્યુ હતું. આ અંગે રિકી તેમજ રાજકોટનાં વેપારીઓએ તપાસ કરતાં જતીન અને ફોરમે મળી રાજકોટ અને ગુજરાત તેમજ અન્ય રાજ્યના કુલ ૫ વેપારીઓ સાથે આશરે ૧૯ કરોડ રૂપિયાની ભારતીય ચલણ તેમજ વિદેશી ડોલર અને પાઉન્ડમાં છેતરપીંડી કરી હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવનો ભોગ બનનાર વેપારીઓએ સંપર્ક કર્યા બાદ ક્રાઈમ બ્રાંચની ટીમે દંપતિ વિરૂધ્ધ ગુનો નોંધી આરોપી જતીન અઢીયાને સકંજામાં લઈ વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસ દરમિયાન દંપતિએ ગુજરાતભરમાં અનેક વેપારીઓ સાથે કરોડો રૂપિયાનું ચીટીંગ કર્યુ હોવાનું બહાર આવવાની શકયતા દર્શાવાઈ રહી છે. પતિ પત્નિની જોડીએ રાજકોટના ઈમ્પોર્ટ એક્સપર્ટના વેપારી સાથે ૩.૫૯ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ મળી હતી. ઈસ્ટ આફ્રિકામાં ખાંડ અને ચોખા મંગાવીને વેચવાની લાલચ આપી હતી.